# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STATE RAIN

આજે સવારથી જ રાજ્યભરમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે.. ગાંધીનગર સ્થિતિ સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર આજે સવાર સુધીમાં રાજ્યમાં મોસમનો સરેરાશ 77 ટકા જેટલો વરસાદ વરસ્યો છે. આજે સવારે પૂરા થયેલા 24 કલાક દરમિયાન સૌથી વધુ મહેસાણાના વડગામમાં સવા ચાર ઈંચ, ખેડાના નડિયાદમા અરવલ્લીના મેઘરજમાં અને અમરેલીના બગસરામાં 4 – 4 ઇંચ વરસાદ પડયો હતો.

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા બંધ 88 ટકા ભરાયો છે.. જ્યારે 66 ડેમ હાઇએલર્ટ પર, 17 ડેમ એલર્ટ પર અને અગિયાર જળાશયો પર ચેતવણી જાહેર કરાઇ છે.. જ્યારે જામનગર જીલ્લાની ઉમિયાસાગર, રંગમતી, ફૂલઝર નદીઓમાં પૂરની સ્થિતિ છે દાહોદનું માથણનાળા તળાવ પણ ઉભરાઇ રહ્યું છે..

રાજ્યમાં અત્યાર સુધીમાં 17 હજાર 452 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. જ્યારે એક હજાર 653 લોકોને ઉગારવામાં આવ્યાં છે..

. . . . . . . . . . . . .

પીટીસી-ગાંધીનગર-હર્ષલ પંડ્યા-NAVIN

# District Rain

અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, ઉપરવાસ મધ્યપ્રદેશમાં વધુ વરસાદ પડવાના કારણે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પાણીની આવક વધતા કુલ 9 દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. હાલ ડેમમાં પાણીની આવક એક લાખ 17 હજાર 257 ક્યુસેક થઈ છે, જ્યારે જળ સપાટી 135 મીટર પર સ્થિર થઈ છે.

ડેમના 9 દરવાજામાંથી 50 હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. નર્મદા નદી બંને કાંઠે વહી રહી હોવાથી નર્મદા, ભરૂચ અને વડોદરા જિલ્લાના નર્મદા નદી કાંઠા વિસ્તારના લોકોને સાવધ કરવામાં આવ્યા છે.

અમારા તાપી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, જિલ્લામાં સવારથી વ્યારા, વાલોડ, ડોલવણ અને સોનગઢ તાલુકામાં વરસાદી માહોલ જામ્યો છે. સાર્વત્રિક વરસાદી માહોલ વચ્ચે ગ્રામ્ય વિસ્તારના લો લેવલ કૉઝવે પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર માટે રસ્તા બંધ કરવાની ફરજ પડી છે. દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમના ઉપરવાસમાં પડેલા વરસાદને પગલે ડેમની સપાટી રૂલ લેવલને પાર થઈ ગઈ છે. ડેમનું રૂલ લેવલ જાળવવા માટે 8 દરવાજા ચાર ફૂટ ખોલીને તાપી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમમાંથી પાણી છોડવામાં આવતા તાપી નદી કિનારાના ગામોને તંત્ર દ્વારા એલર્ટ કરાયા છે.

અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધી જણાવે છે ચાર કલાકમાં ખેરગામ તાલુકામાં સવા બે ઇંચ વરસાદ પડ્યો છે. આજે સવારે છથી બપોરનાં 12 સુધીમાં ગણદેવી, નવસારી અને ચીખલી તાલુકામાં આશરે દોઢ ઇંચ વરસાદ પડ્યો છે.

અમારા છોટેઉદેપુર જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, લાંબા વિરામ બાદ મેઘરાજાના આગમનથી ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી છે. ખેતીલાયક વરસાદ વરસતા કપાસ, તુવેર, સોયાબીન, મકાઈ જેવા પાકોનો સારી રીતે ઉછેર થયો છે.

ઉપરવાસ મધ્યપ્રદેશમાં ભારે વરસાદ વરસતા જિલ્લાની મુખ્ય નદીઓ જેવી કે ઓરસંગ, કરા, સાંપન, અશ્વિનમાં પાણી વહી રહ્યું છે. કવાંટ વિસ્તારમાં સારો વરસાદ

વરસતા રાજવાસણા ડેમ છલકાઈ ગયો છે. હેરણ નદીમાં નવા નીર આવતા નદી બીજી વાર બંને કાંઠે વહેતી જોવા મળી રહી છે.

**અમારા મહેસાણાના પ્રતિનિધિ જણાવે છે કે, વીજાપુર તાલુકામાં છેલ્લાં 24 કલાકમાં આઠ ઇંચ અને વિસગનરમાં સવા ત્રણ ઇંચ વરસાદ પડ્યો છે. આ ઉપરાંત,** મહેસાણા. ખેરાલુ, કડી સહિતનાં તાલુકાઓ માં વરસાદ પડયો છે.

અમારા બનાસકાંઠા જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, દાંતીવાડા,વડગામ, પાલનપુર, ડીસામાં વરસાદથી ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી છે. જિલ્લાના 14 તાલુકા માંથી 5 તાલુકાઓમાં વરસાદ પડ્યો છે. ઉપરવાસમાં રાજસ્થાનમાં વરસાદ થતાં દાંતીવાડા ડેમમાં પાણીની આવક વધી છે.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, ગોહિલવાડ પંથકમાં વરસાદી માહોલ યથાવત છે. જિલ્લાના ઉમરાળામાં એક ઇંચ ,ઘોઘામાં પોણો ઇંચ, ગારીયાધાર, પાલીતાણા અને ભાવનગર શહેરમાં અડધો અડધો ઈંચ વરસાદ પડ્યો છે.

. . . . . . . . . . . . .

પીટીસી-બનાસકાંઠા, નવસારી, પાટણ, તાપી, અરવલ્લી, છોટા ઉદેપુર, ભાવનગર, મહેસાણા -અનિલ પટેલ-NAVIN

# *PM-MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 113મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી, દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમ બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . .

રીપીટ

# CM BHAVNAGAR LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે ભાવનગરમાં 310 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત  કરવામાં આવ્યું હતું. આવાસ યોજના અને રીડેવલપમેન્ટના લાભાર્થી બહેનોને મુખ્યમંત્રીએ પ્રતિકાત્મક ચાવી અર્પણ કરી ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. મુખ્યમંત્રીના હસ્તે કોમ્પ્યુટરાઇઝ ડ્રો દ્વારા મકાનની ફાળવણી કરવામાં આવી હતી.

શ્રી પટેલે ગુજરાતી કવિ નર્મદને યાદ કરી ગુજરાતી ભાષા દિવસની રાજ્યવાસીઓને શુભેચ્છા પાઠવી હતી.

. . . . . . . . . . . . .

પીટીસી- ભાવનગર -હર્ષલ પંડ્યા-NAVIN

# CM IMPECT ACT

રાજ્યમાં ઇમ્પેક્ટ કાયદાને સરળ બનાવવામાં આવ્યો છે, જેમાં ગામતળ વિસ્તારમાં બિન રહેણાંક વિસ્તારમાં 4.5 એફ.એસ.આઇ. સુધીના બિન અધિકૃત બાંધકામો નિયમિત થઇ શકશે. બિન અધિકૃત રહેણાંક માટે બે હજાર ચોરસ મીટર સુધીના ખુટતાં પાર્કિંગ માટે અને બિન અધિકૃત બિન રહેણાંક માટે એક હજાર ચોરસ મીટર સુધીના ખુટતા પાર્કિંગ માટે ફી લઇને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની જોગવાઇ કરવામાં આવી છે.

અગાઉ ખુટતા પાર્કીંગના 50 ટકા જે તે પ્લોટમાં અથવા તો 500 મીટરની હદમાં પાર્કીંગની જોગવાઇ કરવી ફરજીયાત હતી, અને બાકીના 50 ટકા ખુટતા પાર્કીંગ માટે અનધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ 2022ના જાહેરનામાંથી પાર્કીંગ નિયમિત કરવા માટેની નક્કી કરાયેલી ફી વસુલ કરીને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની જોગવાઇ હતી.

. . . . . . . . . . . . . .

પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા -NAVIN

# 800 MEGAWATT THARMAL POWER MATHAK

રાજ્ય સરકારે રાજ્યના ત્રણ વીજ મથકોમાં પ્રત્યેકમાં 800 મેગાવોટના સુપર ક્રિટિકલ થર્મલ પાવર એક્સટેન્શનની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન, સિક્કા થર્મલ પાવર સ્ટેશન અને ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન એમ પ્રત્યેક TPSમાં 800 મેગાવોટના આવા પ્લાન્ટ સ્થપાતા રાજ્યની હાલની કુલ 53 હજાર 368 મેગાવોટની સ્થાપિત ક્ષમતામાં 2400 મેગાવોટનો વધારો થશે.

હાલ રાજ્યમાં 24 હજાર 962 મેગાવોટ પરંપરાગત અને 28 હજાર 406 મેગાવોટ બિન પરંપરાગત ઉર્જા ઉત્પાદનની કુલ 53 હજાર 368 મેગાવોટ સ્થાપિત ક્ષમતા છે.

. . . . . . . . . . . . .

પીટીસી-ગાંધીનગર-હર્ષલ પંડ્યા-NAVIN

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકશો..

.....................................